પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૫૫ | ૫ મે, ૨૦૧૮, શનિવાર ; વૈશાખ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**હવાઈમાં જ્વાળામુખી ફાટ્યો : ૧૦ હજારનું સ્થળાંતર**

અમેરિકાના હવાઈ આઈલેન્ડ પર કિલાઉ જ્વાળામુખી ફાટતા ૧૦ હજારથી વધુ લોકોને સ્થળાંતર કરવાનો આદેશ આપ્યો છે. જ્વાળામુખી ફાટતા ૧૫૦ ફૂટ સુધી લાવા ઉછળ્યો હતો.

**છગન ભુજબળને જામીન**

બોમ્બે હાઈકોર્ટે મની લોન્ડ્રીંગ મામલે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠનેતા અને મહારાષ્ટ્રના પૂર્વ ઉપ મુખ્યમંત્રી છગન ભુજબળને જામીન આપી દીધા છે. તેમની માર્ચ, ૨૦૧૬માં ધરપકડ કરાઈ હતી.

**બીલ ગેટ્સે ડીજીટલ ઈન્ડિયાની પ્રશંસા કરી**

માઈક્રોસોફ્ટના સહ સંસ્થાપક બીલ ગેટ્સે કહ્યુ છે કે ભારતમાં ટેકનોલોજીનો વિકાસ ખુબ જ ઝડપી બન્યો છે. તેમણે કેન્દ્ર સરકારના ડીજીટલ ઈન્ડિયા અભિયાનની પ્રશંસા કરી હતી.

**વાવાઝોડાનો ખતરો હજુ યથાવત**

ભારતીય મોસમ વિભાગે ચેતવણી આપી છે કે આગામી દિવસોમાં હજુ વાવાઝોડુ આવી શકે. ઉત્તર ભારતના રાજ્યો પરથી હજુ વાવાઝોડાનો ખતરો ટળ્યો નથી.

**૨૮મી મે ના રોજ ઉત્તરપ્રદેશની બે સીટો માટે ચૂંટણી**

ઉત્તરપ્રદેશની કૈરાના લોકસભા અને નૂરપૂર વિધાનસભાની ચૂંટણી ૨૮મી મે ના રોજ યોજાશે. ઉમેદવારીપત્રો ભરવાનું શરૂ કરાયુ છે. મતગણતરી ૩૧મી મે એ યોજાશે.

# જીએસટી કાઉન્સિલ ખાંડના સેસ અંગે અનિર્ણિત

### જીએસટી નેટવર્ક ટૂંકમાં જ સરકારી કંપનીમાં ફેરવાઈ જશે : જીએસટીએનમાં ખાનગી કંપનીઓથી સરકાર ૫૧ ટકા હિસ્સો લેશે :સિંગલ મંથલી રિટર્નની નવી વ્યવસ્થા છ મહિનામાં અમલી થશે : જેટલીની ઘોષણા



નવી દિલ્હી,તા. ૪

ઓલ પાવરફુલ જીએસટી કાઉન્સિલની અતિમહત્વપૂર્ણ બેઠક આજે યોજાઈ હતી. નાણામંત્રી અરુણ જેટલીના નેતૃત્વમાં આ બેઠક યોજવામાં આવી હતી. અરુણ જેટલીએ વિડિયો કોન્ફરન્સિંગ મારફતે આ બેઠકમાં ભાગ લીધો હતો. ત્યારબાદ આ બેઠકમાં લેવામાં આવેલા નિર્ણય અંગે જાહેરાત કરી હતી. તેમણે જાહેરાત કરતા કહ્યું હતું કે, સરળ રિટર્ન ફાઈલિંગની રજૂઆત માટે રૂપરેખા તૈયાર કરવાનો નિર્ણય કરવામાં આવી ચુક્યો છે. તેમણે ઉમેર્યુ હતું કે, સિંગલ માસિક રિટર્ન ફાઈલિંગની વ્યવસ્થા છ મહિનામાં અમલી બનાવી દેવામાં આવશે. ફાઈનાન્સ સેક્રેટરી હસમુખ અઢિયા દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. જો કે, આજે યોજાયેલી બેઠકમાં જીએસટી કાઉન્સિલે ખાંડ ઉપર સેસના મુદ્દે કોઈ નિર્ણય લીધો ન હતો અને આ નિર્ણયને ટાળી દેવામાં આવ્યો હતો. બેઠકમાં તમામ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જીએસટી નેટવર્ક ટૂંક સમયમાં જ સરકારી કંપનીમાં ફેરવાઈ જશે. જીએસટી કાઉન્સિલની ૨૭મી બેઠક આજે

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તરપ્રદેશ-રાજસ્થાનમાં હજુ તોફાનનો ખતરો

નવી દિલ્હી,તા. ૪

વિનાશકારી તોફાન અને ધુળભરેલા વરસાદના લીધે સેંકડો લોકોના મોત થયા બાદ પણ હજુ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. એલર્ટ મુજબ દિલ્હી, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, બિહાર, ઉત્તરાખંડ સહિત દેશના અનેક દેશના અનેક ભાગોમાં ભારે નુકસાન થયું હતું. ખાસ કરીને ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં ભારે નુકસાન થયું હતું. આગામી

**આગામી પાંચ દિવસ સુધી એલર્ટ : સાવચેતીના પગલાઓ : પ્રચંડ પવનની સાથે ધૂળ ભરેલી આંધી પશ્ચિમી રાજસ્થાનમાં ચાલે તેવી પણ આગાહી**

સંકટ ટળ્યું નથી. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એનડીએમએ) દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આવનાર પાંચ દિવસ સુધી ખરાબ હવામાનને લઈને ભાગોમાં પ્રચંડ તોફાનની દહેશત રહેલી છે. સંકટ પૂર્ણરીતે ટળ્યું નથી. જેથી તંત્ર સાબદુ થયેલું છે. આ પહેલા બુધવારની રાત્રે આવેલા તોફાન અને ધૂળ ભરેલી આંધીથી ૭૨ કલાક સુધી ખતરો તોળાઈ રહ્યો છે. ભારે વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે. આ વાવાઝોડા દરમિયાન પ્રચંડ પવન ફુંકાઈ શકે છે. વરસાદની પણ દહેશત વ્યક્ત કરવામાં આળી છે. આ ઉપરાંત પંજાબ, ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ સહિત શ્રેણીબદ્ધ રાજ્યમાં તોફાનની ચેતવણી જારી કરાઈ છે. નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, સાઉથ કર્ણાટકમાં ભારે વરસાદ થઈ શકે

● અનુસંધાન પાન-૭ પર



# કાશ્મીરમાં આતંકવાદીઓની ઘુસણખોરીના પ્રયાસો યથાવત

### સેંકડો ત્રાસવાદીઓ આતંક મચાવવા માટે તૈયાર : સુરક્ષા દળોના આક્રમક વલણના કારણે ત્રાસવાદી ફ્લોપ

શ્રીનગર,તા. ૪

જમ્મુ કાશ્મીરમાં હાલમાં ઘુસણખોરીના પ્રયાસો પાકિસ્તાની ત્રાસવાદીઓએ વધારી દીધા છે જે સંકેત આપે છે કે, આગામી દિવસોમાં મોટા ત્રાસવાદી હુમલા થઈ શકે છે.સેંકડો ત્રાસવાદીઓ હાલમાં ઘુસણખોરીની તૈયારીમાં છે. હાલમાં ઘુસણખોરીના પ્રયાસમાં મોટી સંખ્યામાં ત્રાસવાદી ફુંકાયા છે. સેના અને સુરક્ષા દળો દ્વારા રાજ્યમાં ઓપરેશન ઓલઆઉટ હાથ ધર્યુ છે. જેના કારણે ૨૩૦થી વધુ ત્રાસવાદીઓ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. જો કે સેના અને સુરક્ષા દળો દ્વારા ખુબ આક્રમક વલણ અપનાવવામાં આવી રહ્યુ છે. જેના કારણે ત્રાસવાદીઓને સફળતા મળી રહી નથી.સંરક્ષણ પ્રવક્તાનું કહેવું છે કે, આ વર્ષે ઘુસણખોરીના સેંકડો પ્રયાસોને ભારતીય સેનાએ નિષ્ફળ બનાવ્યા છે. ત્રાસવાદીઓ સતત હુમલા કરવાના ઈરાદા સાથે ઘુસણખોરી કરી રહ્યા છે. ભારતીય સેનાએ આ વર્ષે મે મહિનામાં પાકિસ્તાની બોર્ડ એક્શન ટીમના બે જવાનોને પણ મોતને ઘાટ ઉતારી દીધા હતા.

સેનાના અધિકારીઓના કહેવા મુજબ પાકિસ્તાની સેના યુદ્ધ વિરામનો ભંગ કરીને હજુ પણ ગોળીબાર કરી શકે છે. આનો મુખ્ય ઈરાદો અંકુશરેખા મારફતે આતંકવાદીઓને ઘુસાડવાનો રહ્યો છે. કાશ્મીરમાં જ નહીં બલ્કે દેશના અન્ય ભાગોમાં પણ હુમલા કરવાની યોજના ત્રાસવાદીઓ બનાવી રહ્યા છે. આજ કારણસર ઘુસણખોરીના પ્રયાસો વધારી દેવાયા છે. સંરક્ષણ નિષ્ણાતોના કહેવા મુજબ બરફ ઓગળવાની શરૂઆત થયા બાદ ઘુસણખોરીની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. ૭૪૦ કિલોમીટર લાંબા એલઓસી પટ્ટા ઉપર સ્થિતિ હમેશા તંગ રહે છે. હાલમાં જ ઓપરેશનમાં હિઝબુલ લીડર ટાઈગર ઠાર કરાયો હતો. તે પણ પોસ્ટર બોય તરીકે હતો.

# કેન્દ્રમાં કોંગ્રેસ સત્તા પર આવશે તો ૧૦ દિવસમાં ખેડૂતોનું દેવું માફ કરાશે : રાહુલ

### કર્ણાટક ચૂંટણીના બહાને દેશભરના ખેડૂતોને રિઝવવાનો કોંગ્રેસનો પ્રયાસ

કલગી,તા.૪

કર્ણાટકનો ચૂંટણી સંગ્રામ છેલ્લા તબક્કામાં પહોંચી ગયો છે. તેને ધ્યાનમાં રાખતા કોંગ્રેસ અને ભાજપ સહિત બીજી રાજકીય પાર્ટીઓ પ્રચારમાં પૂરી તાકતથી જોર લગાવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી મેરેથોન રેલીઓ બાદ આજે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીની તાબડતોડ રેલીઓ અને જનસભાઓને સંબોધિત કરી હતી.

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી આજે ઉત્તર કર્ણાટકમાં ફોકસ કરી રહ્યાં છે. આ લિંગાયત સમુદાયના પ્રભુત્વવાળો વિસ્તાર મનાય છે. તેની સંખ્યા રાજ્યમાં સૌથી વધુ છે.

કલગી જનસભાને સંબોધિત કરતાં રાહુલ ગાંધીએ બસાવનાના વિચારોનું ઉદાહરણ આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આલોચના કરી. તેમણે કહ્યું કે પીએમ મોદી બસાવનાની મૂર્તિની સામે જુઠ્ઠું બોલે છે. રાહુલે કહ્યું કે પીએમ મોદી આંબેડકરની વાત કરે છે, પરંતુ આખા દેશમાં તેમના લોકો દલિતોને કચડી રહ્યાં છે અને મારી રહ્યાં છે. પીએમ મોદી આંબેડકરની વાત કરે છે, પંતુ જ્યારે તેમના પર અત્યાચાર થાય છે તો એક શબ્દ પણ બોલતા નથી.

પીએમ મોદી ભ્રષ્ટાચારની વાત કરે છે પરંતુ જ્યારે કર્ણાટક આવ્યા તો સૌથી ભ્રષ્ટ મુખ્યમંત્રી યેદિયુરપ્પા તેમની બાજુમાં ઉભા રહેલે નજર આવ્યા. રાહુલે કહ્યું કે રેડ્ડી બ્રધર્સે ૩૫ હજાર કરોડ રૂપિયા કર્ણાટકથી ચોરી કર્યા અને ભાજપ તેમને ટિકિટ આપી રહ્યું છે.

# લોન મોંઘી બનવાના એંધાણ

મુંબઈ,તા. ૪

આરબીઆઈએ છેલ્લા કેટલાક મહિનાથી મોનિટરી પોલિસીમાં કોઈ રેટ કાપ મુક્યો નથી. પોલિસી સમીક્ષાની બેઠકોમાં રિવર્સ અને રેપોરેટના દર યથાવત રાખવામાં આવ્યા છે. છેલ્લા મહિનામાં પણ મોનિટરી પોલિસીમાં રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યા ન હતા પરંતુ એક ખાસ બાબત એ હતી કે, મોનિટરી પોલિસી કમિટિના એક સભ્યએ વ્યાજદરમાં વધારો ઝીંકવાની વાત કરી હતી. જે રીતે ક્રૂડની કિંમતો અને બેંક ડિપોઝિટ પર વ્યાજદરોમાં વધારો થઈ રહ્યો છે, બોન્ડ યિલ્ડમાં પણ વધારો થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં પ્રશ્ન થઈ રહ્યો છે કે, હવે આરબીઆઈ રેપોરેટમાં વધારો કરશે. લોન વધુ મોંઘી થાય તેવા સંકેત દેખાઈ રહ્યા

**રેપોરેટમાં વધારો કરવા આરબીઆઈની તૈયારી શરૂ : છેલ્લા ઘણા સમયથી મોનિટરી પોલિસીમાં રેટ યથાવત રખાયા છે : ક્રૂડ ઓઇલની કિંમત અને બેંક ડિપોઝિટ ઉપર વ્યાજદરો વધવાના પરિણામ સ્વરુપે રેપોરેટમાં વધારો થશે : ડિપોઝિટ પર વ્યાજદરોમાં પણ વધારો થશે**

છે. જાણકાર

લોકોનું કહેવું છે કે, વર્તમાન સ્થિતિમાં લોન ઉપર વ્યાજદરો ઓછી થશે નહીં. લોન વધારે મોંઘી થશે. સાથે સાથે ડિપોઝિટ રેટમાં પણ વધારો થશે. આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર કેસી ચક્રવર્તીનું કહેવું છે કે, બેંકોની સામે વર્તમાન સ્થિતિ પડકારરુપ છે. બેંકોમાં રોકડની અછત દેખાઈ રહી છે. રિટેલ ફુગાવાના દરમાં વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. ક્રૂડ ઓઈલની કિંમત વધવાની શંકામાં બેંકોમાં ખર્ચ વધી રહ્યો છે જેના પરિણામ સ્વરુપે બેંકોએ ડિપોઝિટ ઉપર વ્યાજદરોમાં વધારો કરવાની શરૂઆત કરી દીધી છે. જ્યારે બેંક ડિપોઝિટરોને વધારે વ્યાજ આપશે ત્યારે લોન સસ્તી થાય તેમ માનવા માટે કોઈ કારણ નથી. લોન મોંઘી થઈ શકે છે. એટલે કે વ્યાજદરમાં વધારો થઈ શકે છે. એસબીઆઈના પૂર્વ સીએમડી પી ચૌધરીના કહેવા મુજબ જ્યારે એફડી અને અન્ય ડિપોઝિટ ઉપર વ્યાજદર વધવા લાગે ત્યારે સમજી લેવું જોઈએ કે, હવે લોન ઉપર વ્યાજદર ઉપર જઈ શકે છે. જમાની સાથે સાથે લોન ઉપર પણ વ્યાજદર વધી શકે છે. એસબીઆઈ, આરબીઆઈ, બેંક ઓફ ઈન્ડિયા, આઈસીઆઈસીઆઈ બેંક અને અન્ય બેંકોએ એફડી ઉપર વ્યાજદરોમાં ધારો કરી દીધો છે. હવે બેંકમાં એક કરોડ રૂપિયાથી ઓછાની એક વર્ષ અને બે વર્ષની અવધિવાળી એફડી ઉપર વ્યાજદર ૭.૪૫ ટકા થઈ ગયો છે. જે પહેલા ક્રમશઃ ૭.૩૪ ટકા અને ૭.૪૦ ટકા હતો. બેંકો સિનિયર સિટિઝન માટે આ સંદર્ભમાં દરને વધારીને ૭.૯૮ ટકા કર્યો હતો. જે પહેલા એક અને બે વર્ષ માટે ક્રમશઃ ૭.૮૭ ટકા અને ૭.૯૩ ટકા હતો.

આપને આંગણે આવ્યો અવસર ખાસ
ઉજવણીમાં ભરીશું
અમે પ્રેમની મીઠાશ
હરેક પ્રસંગની યાદગાર ઉજવણી માટે
ભવ્ય બેન્કવેટ હોલ અને પાર્ટી પ્લોટ આપની નજીક
રાધે બેન્કવેટ હોલ
• ૭૦ થી ૮૦ વ્યક્તિની ક્ષમતા • આધુનિક સુવિધાથી સજ્જ
• આકર્ષક એમ્બિયન્સ • કેટરિંગ સુવિધા ઉપલબ્ધ
કેશવમ પાર્ટી પ્લોટ
• ૨૦૦ થી ૨૫૦૦ વ્યક્તિની ક્ષમતા • આકર્ષક એન્ટ્રી અને આધુનિક સુવિધાવાળુ સ્ટેજ
• વિશાળ રમણીય ગાર્ડન • આઉટસાઇડ કેટરિંગ આવકાર્ય
મહેંદી | સંગીત | રિંગ સેરેમની | લગ્ન | રિસેપ્શન | બર્થ ડે
બેબી શાવર | એનિવર્સરી | ગેટ-ટુ-ગેધર | કોર્પોરેટ ઇવેન્ટ
રાધે બેન્કવેટ હોલઃ ૨૦૫, ડીસ્ટ્રીક્ટ શોપિંગ સેન્ટર, સેક્ટર ૨૧, ગાંધીનગર
સંપર્કઃ ૭૬૯૮૦ ૫૦૧૧૧ | ૯૯૦૯૯ ૫૫૬૫૦
કેશવમ પાર્ટી પ્લોટઃ પેથાપુર-મહુડી રોડ, પેથાપુર
સંપર્કઃ ૯૮૨૫૪ ૫૦૧૧૧ | ૯૯૦૯૯ ૫૫૬૫૫
www.purplephase.in
રાધે Prem Ni Mithaas
Buy Sweets Online on premnimithaas.com

# કોલેજ વિદ્યાર્થીઓને લેપટોપ આપવાનું કર્ણાટકમાં ભાજપનું વચન

બેંગલોર,તા. ૪

કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે ભાજપે આજે તેનો ઘોષણાપત્ર અથવા તો ચૂંટણી ઢંઢેરો જારી કર્ય હતો. પોતાના ઘોષણા પત્રમાં ભાજપે શ્રેણીબદ્ધ વચન આપ્યા છે. કેન્દ્રીયમંત્રી પ્રકાશ જાવડેકરની ઉપસ્થિતિમાં વરિષ્ઠ નેતાઓ દ્વારા ઘોષણાપત્ર જારી કરાયો હતો. ભાજપે ખેડૂત વર્ગ અને કૃષિ સાથેસંબંધિત લોકો માટે ખાસ રાહત આપવા પર ભાર મુક્યો છે. કોંગ્રેસથી આગળ વધીને ભાજપે બીપીએલ પરિવારો માટે સ્માર્ટ ફોન અને કોલેજ જતા વિદ્યાર્થીઓ માટે લેપટોપ આપવાનું વચન આપ્યું છે.

**બીપીએલ પરિવારો માટે સ્માર્ટ ફોન આપવાની જાહેરાત ખેડૂત વર્ગ-કૃષિ સાથે જોડાયેલા લોકો માટે અનેક જાહેરાતો**

ખેડુતો માટે કેટલાક વચન આપવામાં આવ્યા છે. કોંગ્રેસના મોબાઈલ ફોન આપવાના વચનની જેમ જ ભાજપે પણ બીપીએલ પરિવારોને સ્માર્ટ ફોન આપવા અને કોલેજ વિદ્યાર્થીઓને લેપટોપ આપવા માટેની જાહેરાત કરી છે. ભાજપના મુખ્યપ્રધાન પદના ઉમેદવાર બીએસ યેદીયુરપ્પા અને

● અનુસંધાન પાન-૭ પર

REQUIRED
A WELL KNOWN STOCK MARKET LEADER REQUIRED STAFF FOR NEW BRANCHES AT INFOCITY, CHANDKHEDA, PETHAPUR, ADALAJ.
EQUITY DEALER CASH/F & O | TELE CALLER
BACK OFFICE EXECUTIVE | OFFICE ASSISTANT BOY
Attractive Salary + Incentive + Petrol, Banking & finance experience prefer fresher also apply to mail bestboi123@gmail.com Or whatsApp No 9974703401 with full CV on Saturday Sunday 9.00 am to 1.00 pm

ભાવભિની શ્રદ્ધાંજલિ
ૐ ૐ



સ્વ. શ્રી મનુભાઈ કાન્તીભાઈ પટેલ
સ્વ. તા. ૨૨-૪-૨૦૧૮ (પંચવટી ફાર્મ)
"મારગનો ચિંધનારો ભોમિયો ખોવાણો અમારો"
ઉમિયા પરિવાર ચેરીટી ટ્રસ્ટ - ચંદ્રાલાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, ગુજરાત સ્ટેટ ચેમ્બર ઓફ એગ્રીકલ્ચરના પ્રમુખશ્રી, સામાજિક કાર્યકર તેમજ ખેડૂતોના હમદર્દ અને નર્મદા જળરક્ષક સંઘના મંત્રીશ્રી એવા આપ પરોપકાર અને સમાજસેવાના પ્રેરણા મૂર્તિ હતા. અમારા સૌ માટે આપ માર્ગદર્શક હતા આપે અમારા વચ્ચેથી અણધારી વિદાય લીધી જેથી સમગ્ર સમાજ માટે કદીય ન પૂરાય એવી ખોટ પડી છે. તમારા અધૂરા રહેલા મનોરથ અમે પૂરા કરીએ એજ સાચી શ્રદ્ધાંજલિ.
પ્રભુ આપના આત્માને ચિર શાંતિ અર્પે એજ અભ્યર્થના...
લિ.
ઉમિયા પરિવાર ચેરિટી ટ્રસ્ટના સર્વ ટ્રસ્ટીશ્રીઓ
૪૨/૮૪ કડવા પાટીદાર સમાજના સર્વ સભ્યશ્રીઓ
આચાર્યશ્રી, ઉમા સંસ્કાર તીર્થ તથા સમગ્ર કર્મચારી ગણ

Anand
Multi-Speciality Hospital & Research Centre
આનંદ
મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ
સાર્થક મોલ, સરગાસણ ચાર રસ્તા
ફોન નં. ૬૩૫૧૯૦૧૮૩૬
ડો. રાજેન્દ્ર આનંદ
એમ.ડી. (સાયકીઆટ્રી)
માનસિક મગજના રોગો, મનોજાતિય સેક્સ રોગો તથા વ્યસનમુક્તિ નિષ્ણાંત
સમય : ૧૨ થી ૨ ● ૬ થી ૮
ડો. ધવલ પટેલ
એમ.એસ.
આંખના રોગોના નિષ્ણાંત
દરરોજ સવારે ૯ થી ૧૧
ડો. જીતેન્દ્ર આનંદ
એમ.ડી.
હૃદયરોગ, ડાયાબીટીસ તથા ફેફસાના રોગોના નિષ્ણાંત
દરરોજ ૧૦ થી ૧ ● ૫ થી ૮
ડો. અમીત બાબેલ
એમ.એસ.
કાન-નાક-ગળાના કેન્સર સર્જન
દર સોમવારે ૧૦ થી ૧૧